BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

## વસંતઋતુના આગમનની શરૂઆત વર્ચ્યુઅલ સીડી સેટરડે અને ગાર્ડન શૉ સાથે કરો

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (માર્ચ 1, 2021) – સીટી ઓફ઼ બ્રેમ્પટનનો 9માં વાર્ષિક સીડી સેટરડે (પુષ્કળ બીવાળો શનિવાર) અને ગાર્ડન શૉ (બગીચાનું પ્રદર્શન) આ વર્ષે, શનિવાર, માર્ચ 13 નાં રોજ, સવારે 10 વાગ્યાથી ઓનલાઈન યોજાશે!

2021 વર્ચ્યુઅલ સીડી સેટરડે અને ગાર્ડન શોને બ્રેમ્પટન હોર્ટિકલ્ચરલ સોસાયટી સાથેની ભાગીદારીમાં રજૂ કરવામાં આવશે, અને તેમાં નીચે જણાવેલા પર્યાવરણલક્ષી નિષ્ણાતોના બગીચાકામને લગતા વીડિયો દર્શાવવામાં આવશે:

- ઍલિસન ઈડી (Allison Eady) - સ્કૂલ ફૂડ ગાર્ડન્સ પર
- બોબ વાઈલ્ડફોંગ (Bob Wildfong) - હેરિટેજ ફ્લાવર ગાર્ડન્સ પર
- ફ્રેન્ક ફેરાજીન (Frank Ferragine) - બિગિનર્સ ગાઈડ ટૂ ગ્રોઈંગ ફૂડ પર
- જોડ રોબર્ટ્સ (Jode Roberts) - બ્રિંગિંગ બટરફ્લાઈસ હોમ ટૂ બ્રેમ્પટન પર
- લૉરેન બોશ (Lauren Bosch) - ગ્રોઈંગ એન્ડ યુઝીંગ હર્બ્સ પર
- લિન્ડા ક્રાગો (Linda Crago) - હેઈરલૂમ્સ એન્ડ સીડ સેવિંગ પર
- સ્ટીવન બિગ્સ (Steven Biggs) - એડિબલ્સ ઈન અર્બન લેન્ડસ્કેપ્સ પર
- વિકી સિમ્કોવિક (Vicki Simkovic) - મેનેજીંગ ઈન્વેઝિવ પ્લાન્ટ્સ ઈન યોર ગાર્ડન પર

તમારા માટે બગીચાકામ નવું હોય કે પછી તમે એક કસાયેલા વ્યવસાયી હો, માર્ચ 13 નાં રોજ આખો દિવસ વેબસાઈટ www.brampton.ca/seedysaturday જોઈને બગીચાકામ સંબંધિત સંસાધનોની પહોંચ મેળવો, સ્થાનિક બગીચાકામ સંબંધિત વિક્રેતાઓના સંપર્કમાં આવો, છાપી શકાતી પ્રવૃત્તિઓ અને વીડિયો ટ્યુટોરિયલ્સ સાથે કિડ્સ ઝોનનો આનંદ માણો, બ્રેમ્પટન હોર્ટિકલ્ચરલ સોસાયટી સાથે કર્બસાઈડમાં બીયારણની અદલાબદલી કરવામાં ભાગ લેવાની રીત વિશે, અને ઘણુ શીખો.

આ ઈવેન્ટનું આયોજન બ્રેમ્પટન હોર્ટિકલ્ચરલ સોસાયટી સાથેની ભાગીદારીમાં કરવામાં આવ્યું છે, અને ઈવેન્ટને સીડ્સ ઓફ઼ ડાઈવર્સિટીની સહાયતા મળી છે.

**અવતરણો (ક્વૉટ્સ):**

"હું આ વર્ષનો વર્ચ્યુઅલ સીડી સેટરડે અને ગાર્ડન શો માર્ચ 13 નાં રોજ જોવા દરેક વ્યક્તિને પ્રોત્સાહિત કરું છું! બ્રેમ્પટન એક હરિયાળુ શહેર, સ્થિરતા અને આપણી જૈવિક વિવિધતાના મહત્વ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ રોમાંચક અને શૈક્ષણિક આયોજનમાં ખાદ્ય સ્થિરતા વિશે જાણો, નિષ્ણાતના સૂચનો અને સંસાધનો, અને ઘણું જુઓ."

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"આપણે આ વર્ષે સીડી સેટરડે અને ગાર્ડન શૉનો આનંદ માણવા રૂબરૂમાં ભેગા ન થઇ શકીએ, તો પણ અમારો ઓનલાઈન ઈવેન્ટ વસંતઋતુમાં વાવેતર અને આપણાં શહેરને હરિયાળુ રાખવા વિશે શીખવા આપણાં સમુદાયને સાથે લાવવાનું વચન આપે છે."

- *રૉવિના સેન્ટોસ (Rowena Santos), પ્રાદેશિક કાઉન્સિલર વૉર્ડ્સ 1 અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસીસ, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"બધાં સ્તરોની નિપુણતા ધરાવતા માળીઓને વર્ચ્યુઅલ સીડી સેટરડે અને ગાર્ડન શૉમાં નિમંત્રિત કરવામાં આવે છે. ઉદ્યોગના નિષ્ણાતોના

લાક્ષણિક વીડિયોની સાથે સાથે – બગીચાકામને સંબંધિત સ્થાનિક વિક્રેતાઓ સાથે જોડાઇ જાવ, બાળકો માટેની પ્રવૃત્તિઓ, અને ઘણું બધુંમાં પ્રવેશ મેળવો. દરેક વ્યક્તિ માટે કંઇક છે."

- *શર્મિન વિલિયમ્સ (Charmaine Williams), સીટી કાઉન્સિલર, વોર્ડ્સ 7 અને 8; ઉપ-પ્રમુખ, કમ્યુનિટી સર્વિસીસ, સીટી ઓફ બ્રેમ્પટન*

"અમે પહેલી વાર બ્રેમ્પટન હોર્ટિકલ્ચરલ સોસાયટી સાથે 9મો વાર્ષિક સીડી સેટરડે અને ગાર્ડન શૉ રજૂ કરવામાં રોમાંચિત છીએ. આવો અને બગીચાકામ, સ્થિરતા વિશે, અને આપણાં સમુદાયમાં વધારે હરિયાળા જીવનનો અભ્યાસ કરવાની રીત જાણો."

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca